# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 11-03-2026 Day: Wednesday Evening : 6.25 to 6.30 pm**

આકાશવાણી ભુજ સમાચાર **પરેશ મારૂ** વાંચે છે.

---

## જિલ્લા આરોગ્ય સંકલનની બેઠક :

કચ્છ જિલ્લામાં આરોગ્ય સેવાઓને વધુ સુદ્રઢ બનાવવાના હેતુથી કલેક્ટર આનંદ પટેલના અધ્યક્ષસ્થાને જિલ્લા આરોગ્ય સંકલન અને ટોબેકો કંટ્રોલ સ્ટીયરીંગ કમિટીની બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં કલેક્ટરશ્રીએ માતા-બાળ મરણ દર, રસીકરણ, પીએમજેએવાય અને ટીબી મુક્ત ભારત અભિયાન જેવી મહત્વની કામગીરીની સર્વગ્રાહી સમીક્ષા કરી હતી. તેમણે ખાસ કરીને બાળકોના આરોગ્યની તપાસ કરી જરૂરિયાત મુજબ સમયસર ચશ્મા મળે તેવું આયોજન કરવા અને વાહકજન્ય રોગોના નિયંત્રણ માટે ફોગીંગ તથા પાણીના ક્લોરિનેશનની કામગીરી ઝડપી બનાવવા સૂચના આપી હતી.

વધુમાં, તમાકુ નિયંત્રણ કાયદા હેઠળ શૈક્ષણિક સંસ્થાઓ અને સરકારી કચેરીઓની ૧૦૦ મીટરની ત્રિજ્યામાં તમાકુનું વેચાણ કરનારાઓ તેમજ જાહેર સ્થળોએ ધૂમ્રપાન કરનારાઓ વિરુદ્ધ કડક કાર્યવાહી કરવા આદેશ અપાયા હતા. આ બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારી ઉત્સવ ગૌતમ, મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડો. મિતેશ ભંડેરી સહિત વિવિધ તાલુકાના આરોગ્ય અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

-----------------------------------------------------------------------------------

## અબડાસામાં માર્ગોના કામો :

અબડાસાના ધારાસભ્ય પ્રદ્યુમનસિંહ જાડેજાના હસ્તે તાલુકાના વિવિધ માર્ગો અને પુલોના અંદાજે રૂપિયા 7 કરોડથી વધુના વિકાસકામોનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. આ અંતર્ગત

વમોટી નાની-મોટી રોડ પર નદીના નાળાં માટે રૂપિયા 128.78 લાખ, તેરા એપ્રોચ રોડ માટે રૂપિયા 34.72 લાખ અને નરાનગર એપ્રોચ રોડ માટે રૂપિયા 35.22 લાખનો ખર્ચ કરવામાં આવશે.

સૌથી મોટું કામ માતાના મઢને જોડતા રામપર-ઐડા અને જંગડિયા-ગોયલા રોડનું રૂપિયા 4.70 કરોડના ખર્ચે થશે, જ્યારે રામપર એપ્રોચ રોડ માટે રૂપિયા 42.36 લાખ ફાળવાયા છે. ધારાસભ્યએ જણાવ્યું હતું કે, આ રસ્તાઓ બનવાથી યાત્રાળુઓ અને અંદાજે આઠ ગામોને સીધો ફાયદો થશે. ચોમાસામાં ગામડાં સંપર્કવિહોણા ન રહે તે હેતુથી લાખાણિયાના મોટા પુલ સહિતના કામોને પ્રાધાન્ય આપી અબડાસાને વિકાસમાં 'નંબર વન' બનાવવાની નેમ વ્યક્ત કરવામાં આવી છે.

---------------------------------------------------------------------------------

## હવામાન :

માર્ચ મહિનામાં  મહત્તમ પારો 41 ડિગ્રીને પાર પહોંચી જતા જનજીવન પર વ્યાપર અસર પડી છે. સામાન્ય રીતે માર્ચ મહિનામાં તાપમાન 37 ડિગ્રીની આસપાસ રહેતુ હતું પરંતુ આ વખતે મહત્તમ પારો રેકોર્ડબ્રેક 40 ડિગ્રીને પાર કરી ગયો છે. . આજે પણ કાળઝાળ ગરમી પડી રહી છે ત્યારે હવામાન વિભાગે સુરેન્દ્રનગર અને રાજકોટમાં હીટવેવને લઈને રેડ એલર્ટ જાહેર કર્યું છે જ્યારે કચ્છ માટે આજે અને આવતીકાલે ઓરેન્જ એલર્ટ આપવામાં આવ્યું છે. બનાસકાંઠા, પાટણ, સુરત, વડોદરા, પોરબંદર, જુનાગઢ, અમરેલી, ગીર સોમનાથ, બોટાદ, અને દીવમાં આજે ઓરેન્જ એલર્ટ આપવામાં આવ્યું છે. હવામાન વિભાગની આગાહી અનુસાર આગામી 48 કલાક દરમિયાન તાપમાનનો પારો 40 થી 41 ડિગ્રીને પાર પહોંચવાની અને તીવ્ર હીટવેવ પ્રવર્તવાની શક્યતા વ્યક્ત કરાઈ છે.

**---------------------------------------------------------------------------------**

## મિરઝાપર શાળાનું લોકાર્પણ :

ભુજ તાલુકાના મિરઝાપર ખાતે રૂ. 2.10 કરોડના ખર્ચે નવનિર્મિત મિરઝાપર કુમાર શાળાના નૂતન બિલ્ડિંગનું લોકાર્પણ જિલ્લા પંચાયત પ્રમુખ જનકસિંહ જાડેજાના હસ્તે કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે તેમણે જણાવ્યું હતું કે, ગુજરાત સરકાર બાળકોના શિક્ષણ માટે અત્યંત સંવેદનશીલ અને પ્રયત્નશીલ છે, જેનું ઉત્તમ ઉદાહરણ આ ભવ્ય સુવિધા સજ્જ બિલ્ડિંગ છે.

આ નૂતન બિલ્ડિંગમાં 11 વિશાળ રૂમો, આધુનિક સેનિટેશન, ફાયર સેફ્ટી અને ગ્રાઉન્ડ ડેવલોપમેન્ટ જેવી અદ્યતન સગવડો ઉપલબ્ધ કરાવાઈ છે. કાર્યક્રમમાં જિલ્લા પંચાયત ઉપપ્રમુખ મનીષાબેન વેલાણી, તાલુકા પંચાયત પ્રમુખ વિનોદભાઈ વરસાણી અને શિક્ષણ વિભાગના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. આધુનિક સુવિધાઓ ધરાવતું આ સંકુલ મિરઝાપરના બાળકોના શૈક્ષણિક વિકાસમાં સીમાચિહ્નરૂપ સાબિત થશે.

---------------------------------------------------------------------------------------------------

## અંજારપાલિકાની સામાન્ય સભા :

અંજાર નગરપાલિકાના મુખ્ય સભાખંડમાં પ્રમુખ વૈભવભાઈ કોડરાણીના અધ્યક્ષસ્થાને યોજાયેલી ખાસ સામાન્ય સભામાં વર્ષ ૨૦૨૬-૨૭નું અંદાજપત્ર સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યું હતું. કારોબારી સમિતિના ચેરમેન પાર્થભાઈ સોરઠીયાએ રજૂ કરેલા રૂ. ૧૯૨.૫૪ કરોડના માતબર બજેટને સભામાં બહુમતીથી બહાલી અપાઈ હતી.

આ ઉપરાંત, શહેરમાં અંદાજિત રૂ. ૨.૬૧ કરોડના વિવિધ વિકાસકાર્યોને મંજૂરી આપવામાં આવી હતી. નગરની સ્વચ્છતા અને જનસુખાકારી વધારવા માટે ૭ નવા 'ડોર ટુ ડોર' કચરા કલેક્શન વાહનો ખરીદવાનો મહત્વનો નિર્ણય લેવાયો હતો.

---------------------------------------------------------------------------------------------------

## માતાનામઢ માટે બસ :

ગુજરાત રાજ્ય માર્ગ પરિવહન નિગમ દ્વારા પાદરા ડેપોથી માતાનામઢ સુધીની નવી એસ.ટી.ની બસ સેવા શરૂ કરવામાં આવી છે. આ નવી સેવા દ્વારા ભક્તોને મા આશાપુરાના દર્શન માટે વધુ સુવિધા મળશે. આ બસ પાદરા ડેપોથી સવારે સાડા છ વાગ્યે પ્રસ્થાન કરશે અને રાત્રે આઠ વાગીને 15 મિનિટે માતાના મઢ પહોંચશે. ત્યારબાદ માતાનામઢથી સવારે સાડા છ વાગ્યે બસ પાદરા તરફ પ્રસ્થાન કરશે. આ નવી બસ સેવા શરૂ થવાથી આ વિસ્તારના ભક્તો અને મુસાફરોને મોટી રાહત મળશે.

---------------------------------------------------------------------------------------